ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ચીફ સેક્રેટરી પાંડિયન છ માસ સુધી યથાવત, વિભાગોમાં ફેરફારો સંભવ

પહેલા વીજળી, પાણી અને ગટરની સુવિધા આપો, પછી બાંધકામ કરો

ગુજરાતના ચીફ સેક્રેટરી ડી.જે.પાંડિયનને વધુ છ મહિના સુધીનું એક્સટેન્શન મળવાની સંભાવના છે. આ મહિનાના અંત સુધીમાં એટલે કે ચાલુ સપ્તાહમાં તેમના નામની દરખાસ્ત ભારત સરકારને કહે છે કે સંજય ગુપ્તા સામે ઉતાવળે કોઈ પગલાં ભરવાની આવશ્યકતા ન હતી, જયારે એવી પણ માન્યતા છે કે સરકારમાં સવાસો કરોડ થી વધુની રકમના આટલા મોટા કૌભાંડ સામે આંગળી ચિંધાતી

મોદી છે તેઓ બધુ ઠીક કરશે, એવો ભરોસો ભાજપના નેતાઓ ભૂલે

મોકલવામાં આવે તેવું સચિવાલયના સૂત્રોનું કહેવું છે. ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલના ચાઈના પ્રવાસ પૂર્વે આ નિર્ણય નિશ્ચિત બન્યો હતો અને હવે તેનો અમલ થવામાં છે. આ સાથે સચિવાલયના મહત્વના વિભાગો જેવાં કે હોય ત્યારે ચૂપ પણ બેસી રહેવાય નહીં. સચિવાલયના ડિપાર્ટમેન્ટ જ નહીં, ચીફ મિનિસ્ટર ઓફિસમાં આ કેસને લઈને ટેન્શનનો માહોલ છે. અમદાવાદ મેટ્રોરેલ કે જેનો પાકો નિર્ણય ૨૦૦૩માં લેવામાં

પ્રજા વિમુખ થયેલ પાર્ટી માટે તક, ભાજપ માટે શહેરોમાં ભયસ્થાન

મહેસૂલ, ગૃહ અને ફોરેસ્ટમાં સિનિયર આઈએએસ ઓફિસરોની ફેરબદલ કરવામાં આવી રહી છે. આગામી સ્થાનિક ચૂંટણીને અનુલક્ષીને સ્ટેટ પોલીસ તંત્રમાં પણ બદલાવ તોળાઈ રહ્યો છે. ગુજરાતના હજી ત્રણ થી ચાર સિનિયર ઓફિસરો ડેપ્યુટેશન પર દિલ્હી જવાની રાહમાં છે જેમાં પંકજકુમાર અને અનિતા કરવલનો સમાવેશ થાય છે, બીજી તરફ રાજીવ ગુપ્તા, બી.બી. સ્વૈન, ડી. એન. પાંડે, વિપુલ મિત્રા, એસ.જે. હૈદર અને પી. કે. તનેજાને મહત્વની જવાબદારી મળી શકે છે...

મેટ્રોરેલ લે ગયે સંજય ગુપ્તા...

ગુજરાતના વહીવટી તંત્રની આજકાલ નિંદ ગાયબ છે. મેટ્રોરેલ કૌભાંડનો રેલો નિવૃત્ત આઈએએસ ઓફિસર સંજય ગુપ્તા ઉપર આવ્યો છે ત્યારે બ્યુરોક્રેસીમાં હલચલ છે. સિનિયર ઓફિસરો બે ભાગમાં વહેંચાઈ ચૂક્યા છે. સચિવાલયના સૂત્રો આવ્યો હતો, આજે બાર વર્ષ પછી પણ મેટ્રોરેલમાં પ્રગતિ નથી. હા, કૌભાંડ સામે આવ્યું છે અને એકશન એટલા માટે લેવામાં આવી રહ્યા છે કે આ પ્રોજેક્ટમાં જાપાન સરકારની લોન છે...

પહેલા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પછી બાંધકામ ...

ગુજરાતમાં પહેલા નવી જગ્યાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચક ઉભું કરીને પછી તે જગ્યા ડેવલપ કરવામાં આવે તો જે તે શહેરનો વિકાસ ખૂબ ઝડપથી થઈ શકે છે તેવો વિશ્વના નિષ્ણાંતોનો મત છે. આખા દેશમાં ગુજરાતે આ દિશામાં પહેલ કરીને અન્ય રાજયો માટે અનુકરણિય કામ કરવું જોઈએ. આજે પરિસ્થિતિ એવી છે કે નવી ટીપી અને ડીપીમાં પહેલા જમીન આપીને રિયલ એસ્ટેટ સેક્ટર બાંધકામ કરે છે પછી વીજળી, પાણી અને ગટરની સુવિધા ઉભી કરવામાં આવે છે. જો પહેલાં આ બધું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂર્ણ કરી દેવામાં આવે

● અનુસંધાન પાન-૭ પર

ઘ-૪ સર્કલ બન્યું ગાંધીનગરનું જંતર-મંતર

સર્કલની આસપાસ અનેક ટ્રાફિક આયલેન્ડસના કારણે વાહનચાલકો મુંઝવણમાં

યોગ્ય દિશાસૂચક બોર્ડના અભાવને કારણે પણ ભારે ગુંચવાડો પેદા થાય છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરનું ઘ-૪ સર્કલ સ્વર્ણિમ પાર્કના વિકાસ પછી ચોતરફથી એટલા બધા ટ્રાફિક આયલેન્ડમાં એટલુ અટવાઈ ગયું છે કે વાહન ચાલકો માટે જંતરમંતર સમાન બની ગયું છે. મોટાભાગના વાહનચાલકોને કઈ તરફ વળી શકાય અને કઈ તરફના ટર્ન લેવાય તે અંગે ભારે મુંઝવણ પેદા થઈ રહી છે.

ઘ-૪ સર્કલ ગાંધીનગરનું હાર્દસમુ નગરના મધ્યમાં આવેલ સર્કલ છે. આ સર્કલની એક તરફ નગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ધામ સમો ટાઉનહોલ આવેલો છે તો બીજી તરફ ઉદ્યોગભવન આવેલુ છે. જેમાં અનેક સરકારી કાર્યાલયોમાં સેંકડો કર્મચારીઓ કામ કરે છે. વળી, અહીંથી એક તરફ મહાત્મા મંદિર અને બીજી તરફ વિધાનસભા જવાના માર્ગો છે. સે. ૧૬ના વાણિજ્ય સંકુલ તરફ જવા આવવાનો કી-પોઈન્ટ પણ ઘ-૪નું સર્કલ છે. મહાત્મા મંદિર થી વિધાનસભા સુધીના વચ્ચેના ભાગને સ્વર્ણિમ પાર્ક તરીકે વિકસાવાતા ઘ-૪ સર્કલની આસપાસ ઘણા બધા ટ્રાફિક આયલેન્ડ બનાવમાં આવ્યા છે. જેના કારણે વાહનચાલકો ભારે મુંઝવણ અનુભવી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સ્વર્ણિમ પાર્કના કારણે ચ-રોડ થી ઘ-રોડને જોડતા તેમજ ગ-રોડને ઘ-રોડ સાથે જોડતા માર્ગોના કારણે ઘ-૪ સર્કલની ચો તરફ અનેક ટ્રાફિક આયલેન્ડ બનાવવામાં આવ્યા છે. દિવસ દરમ્યાન ઘ-રોડનો ટ્રાફિક આમ પણ વધુ રહેતો હોય છે. તેવા સંજોગોમાં બેંક ઓફ બરોડા સામેના માર્ગ ઉદ્યોગ ભવન થઈ સે. ૧૬ ના વાણિજ્ય સંકુલ તરફ જવા માંગતા વાહનચાલકો અથવા ટાઉનહોલ કે સચિવાલય તરફથી આવી રેલવે સ્ટેશન તરફ કે પથિકાશ્રમ તરફ જવા માંગતા વાનચાલકો ઘ-૪ સર્કલ ક્રોસ કરતા અવઢવમાં મુકાઈ જાય છે. જેના કારણે ઘણીવાર નાની મોટી ટક્કર સાથે બોલાચાલીના બનાવો પણ અનેકવાર બને છે. વળી, જ્યારે ટાઉનહોલતમાં કોઈ કાર્યક્રમ શરૂ થવાનો હોય અથવા પૂરો થયો હોય ત્યારે પણ ત્યાંથી આવતા-જતા વાહનચાલકોની ભીડના કારણે ટ્રાફિમાં અડચણ પેદા થવા પામે છે. ટાઉનહોલથી આવી ઘ-૫ તરફ જવા માંગતા વાહનચાલકોને ઘ-૪નું સર્કલ ફરીને જવુ પડે તેવા કોઈ દિશાસૂચક બોર્ડ ના હોવાથી વાહનચાલકો સર્કલ ફર્યા વગર જ ટર્ન

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ગરમીનો પારો સ્થિર તાપમાન ૪૨.૬ ડીગ્રી

વળતા ઉનાળે ગરમીનું ઉગ્ર સ્વરૂપ નગરજનો બેબાકળા : જનજીવન હીટવેવથી પ્રભાવિત : સૂનકાર

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં ગરમીની મૌસમ સોળે કલાએ નિખરી છે.આકાશમાંથી વરસતા અગ્નગોળાએ જનજીવનને મુર્છીત કરી દીધું છે. અલબત્ત હીટવેવની અસરથી શહેરમાં આકરી ગરમીનું મોજું ફરી વળતા છેલ્લા બે સપ્તાહથી ગરમીથી નગરજનો બેહાલ બન્યા છે. જયારે ગરમીનો પારો નીચે ઉતરવાનું નામ નથી લેતો આજે પણ શહેરમાં મહત્તમ તાપમાન ૪૨.૬ ડીગ્રી રહયું હતું. રજાના દિવસે ગરમીએ પણ ઉગ્ર સ્વરૂપ દેખાડતા શહેરમાં સૂનકાર જોવા મળ્યો હતો.

શહેરમાં ઉનાળાની મૌસમ આકરી બનતા આકાશમાંથી રોજબરોજ અગ્નજવાળાઓ વરસી રહી છે. નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે. ગરમીનો પારો નીચે ઉતરવાનું નામ ન લેતા શહેરીજનો આખો દિવસ ઘરમાં પુરાઈ રહેવાનું પસંદ કરી રહયા છે.હીટવેવના લીધે નાગરિકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે.શહેરના માર્ગો પર સન્નાટો જોવા મળી રહયો છે.નાછૂટકે કામથી બહાર નિકળતા નાગરિકો ગરમીની અસરથી બચવા માથે ટોપી તેમજ મોઢે બુકાની બાંધી જતા નજરે પડે છે. ગરમીના દિવસોમાં ઠંડા રહેવા નગરજનો ઠંડા પીણાં તેમજ ફ્રુટ જયુસ પીવાનું વધુ પસંદ કરી રહયા છે. ત્યારે આ મામલે પણ આરોગ્યલક્ષી બાબતો તરફ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે તે અનિવાર્ય બન્યું છે.નગરમાં ચાલતા શેરડીના રસના કોલા સહિત બરફ ગોળાની લારીઓ પર તંત્ર દ્વારા જરૂરી તપાસ હાથ ધરી જનઆરોગ્યના પરિબળો અંગે જરૂરી તપાસ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. ગરમીનો પારો જાણે ૪૨ ડીગ્રી ની આસપાસ સ્થિર થઈ જતા અસહ્ય તાપના લીધે શ્રમિકો માટે પણ ગરમી આફત બની છે. તબીબો પણ આકરી ગરમીથી બચવા ઘરની બહાર ન નિકળવાની સલાહ આપી રહયા છે. આજે પણ ગરમીએ ઉગ્ર સ્વરૂપ દેખાડ્યુ હતું. મહત્તમ તાપમાન ૪૨.૬ ડીગ્રી નોંધાયું હતું. જયારે લઘુત્તમ તાપમાન ૨૮.૮ ડીગ્રી રહયું

● અનુસંધાન પાન-૭ પર

કલ્ચરલ ફોરમના સભ્યોને આજથી સ્માર્ટ કાર્ડ અપાશે

ગાંધીનગર તા ૨૪

કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિને વેગ આપતી સંસ્થા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આ વર્ષે સંસ્થાના સભ્યો માટે સ્માર્ટ કાર્ડ આપવાની યોજના અમલી બનાવાઈ છે. જેના લીધે કાર્યક્રમમાં સંસ્થાના સભ્યોને હવે સ્માર્ટ કાર્ડના આધારે પ્રવેશ આપવામાં આવશે. સંસ્થાની અખબારી યાદીમાં આ અંગે જણાવ્યા મુજબ કલ્ચરલ ફોરમના સભ્યોને નવી યોજના મુજબ સ્માર્ટ કાર્ડ અપાશે. સભ્યોને કાર્ડ મેળવવા માટે તા ૨૫ થી ૨૭ માં દરમિયાન સવારે ૯ થી ૧૨ તેમજ સાંજે ૪ થી ૭ કલાકના સમયગાળામાં ગાંધીનગર સમાચારના કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું છે.

ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે બુકલેટ-પીનનું આજે વિતરણ

પ્રવેશ ફોર્મ અને પીનના વિતરણની પ્રક્રિયા વહેલી તકે શરૂ કરાશે : ફોર્મ ભરવા માટે પ્રક્રિયા ૩૦મી મેથી શરૂ કરાશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરીણામ ૨૮મી મેનાં રોજ જાહેર કરવામાં આવનાર છે ત્યારે આ પરીણામ જાહેર થાય તે પહેલાજ આવતીકાલથી એડમિશન કમિટી ઓફ પ્રોફેશનલ કોર્સિસ-દ્વારા ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેના ફોર્મ અને પીન નંબરનું વિતરણ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર કલ્ચરલ ફોરમ
આયોજીત
અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત યોજાયેલ વ્યાખ્યાન
Video DVD
નોખું વિચારો, અનોખા બનો
Video DVD
સેટ માટે સંપર્ક કરો.
ગાંધીનગર સમાચાર કાર્યાલય, સેક્ટર-૮, ગાંધીનગર. સમય : સવારે ૯ થી ૧૨ ● સાંજે ૪ થી ૭

સ્વમાન યા પુરુષ સમાન - બ્રહ્માકુમારી દ્વારા નારીત્વ દર્શન ફિલ્મ 'સ્વમાન યા પુરુષ સમાન' ૧૩ એપિસોડની સીરીયલ રાજ્યમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીના હસ્તે ખુલ્લી મુકાઈ હતી. સિટીપલ્સ ખાતે યોજાયલ સમારોહમાં મહિલા સશક્તિકરણની દિશામાં મહત્વના કદમ સમાન કાર્યક્રમમાં અધિક મુખ્ય સચિવ જી. આર. અલોરિયા, સનદી અધિકારી પંકજકુમાર, અનિલ પ્રથમ, મનોજ અગ્રવાલ, જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ફિલ્મના નિર્દેશિકા સુનિતાદીદી તથા કૈલાસદીદી સહિત મોટી સંખ્યામાં મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦૦૧૪
મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, ગ્રામસેવા કેન્દ્ર, સાદરા, તા.જિ. ગાંધીનગર, ફોન : ૨૩૨૭૪૩૨૧, ૨૩૨૭૪૨૭૪
સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ : B.Sc. Microbiology (વિજ્ઞાન વિશારદ : સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન) ધોરણ-૧૨, વિજ્ઞાનપ્રવાહ (બી-ગ્રૂપ) સાથે પાસ થયેલાને પ્રવેશ. છ સેમેસ્ટર (૩ વર્ષ). પ્રવેશ માટેની લેખિત તથા મૌખિક પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ લાવનારની પસંદગી. ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્ય પછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું તા. ૧-૪-૨૦૧૫ પછીનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ શારીરિક રીતે વિકલાંગ (PH)ને ૩ ટકા અને જમ્મુ-કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે વધુ ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે.
તા. ૨૧-૫-૨૦૧૫ રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેન્દ્રની ભાજપ સરકારે શિક્ષણના બજેટમાં ધરખમ ઘટાડો કર્યો છે : ગિરીજા વ્યાસ

ગાંધીનગર, તા. ૨૪

કેન્દ્રની ભાજપ સરકારના એક વર્ષમાં શિક્ષણનું સ્તર ખાડે ગયું છે. કેન્દ્ર સરકારે શિક્ષણ વિભાગના બજેટમાં ધરખમ ઘટાડો કર્યો છે. તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં સર્વોચ્ચ પદની નિમણુંકોમાં રાજકીય દખલગીરી કરવાનો કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રી સામે આડકતરો આક્ષેપ કોંગ્રેસના વરીષ્ઠ નેતા ગીરીજા વ્યાસે કર્યો હતો.

કેન્દ્રની ભાજપ સરકારના એક વર્ષના શાસનની ભાજપ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે જેની સામે કોંગ્રેસ દ્વારા ભાજપ સરકારે આપેલા વચનોની યાદ અપાવવા સાથે એક વર્ષના શાસનની નિષ્ફળતાઓને કોંગ્રેસ દ્વારા છતી કરવામાં આવી રહી છે.

આજે અમદાવાદ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા શ્રીમતી ગીરીજા વ્યાસે કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે કેન્દ્રની ભાજપ સરકાર શિક્ષણ વિભાગના બજેટમાં ૧૪૦૮૮.૫૯ કરોડનો ઘટાડો કર્યો છે. સેકંડરી શિક્ષણમાં ૧૪૨૨ કરોડની રકમનો ઘટાડો કર્યો છે જ્યારે ઉચ્ચ શિક્ષણના બજેટમાં ૧૪૭૯ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે.

શિક્ષણ પ્રણાલીને વધુ મજબૂત કરવાને બદલે કેન્દ્રના માનવ સંશાધન મંત્રીએ પોતાની તમામ તાકાત પ્રતિષ્ઠીત સંસ્થાઓને તોડવામાં શિક્ષણ વિશેને અપમાનિત કરવામાં અને લાયકાત વગરના લોકોને આવી સંસ્થાઓના ઉચ્ચ હોદ્દા પર નિમણુંકો આપવામાં બગાડી હોવાનો ગંભીર આક્ષેપ તેમણે કર્યો હતો.

કેન્દ્રની ભાજપ સરકાર પર આક્ષેપ કરતાં ગીરીજા વ્યાસે જણાવ્યું હતું કે એન.ડી.એ. સરકારના શાસનનું એક વર્ષ પૂર્ણ થયું છે. આ એક વર્ષનું ભાજપ સરકારનું શાસન આમ પ્રજાની તકલીફોનું વર્ષ બની રહ્યું હતું. શિક્ષણને બદતર કરનારૂ, મહિલાઓ પર થતા અત્યાચારોનું, ખેડૂતોની જમીન પડાવનારૂ અને પ્રજાના દુઃખોનું વર્ષ બની રહ્યું છે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીચેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com